નવી દિલ્હીથી વડોદરા આવતી એર ઈન્ડિયા ફ્લાઈટમાં હવામાં ભયનો માહોલ

વિન્ડો ફ્રેમ છૂટતા મુસાફરોમાં દોડધામ, ક્રૂની સતર્કતાને પગલે મોટી દુર્ઘટના ટળી

ફ્લાઈટ AI 2881માં બન્યો બનાવ, અસરગ્રસ્ત રો તાત્કાલિક ખાલી કરાઈ, વડોદરામાં સુરક્ષિત લેન્ડિંગ

(પ્રતિનિધિ), વડોદરા. તા.31 નવી દિલ્હીથી વડોદરા આવતી એર ઈન્ડિયા ફ્લાઈટ AI 2881માં બુધવારે 30 જુલાઈ 2026ના રોજ ઉડાન દરમિયાન અચાનક તકનિકી ખામી સર્જાતા મુસાફરોમાં ગભરાટ ફેલાયો હતો. મળતી માહિતી અનુસાર, ફ્લાઈટ જ્યારે મિડ-એરમાં હતી ત્યારે વિમાનની એક વિન્ડોની ફ્રેમ છૂટી જવા પામી હતી. વિન્ડોની ફ્રેમ હલતી જોતા જ નજીકમાં બેઠેલા મુસાફરો ગભરાઈ ગયા હતા અને કેબિન ક્રૂને તાત્કાલિક જાણ કરી હતી. કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે કેબિન ક્રૂએ તાત્કાલિક કાર્યવાહી કરી હતી. અસરગ્રસ્ત વિન્ડોની આસપાસની આખી રોને તાત્કાલિક ખાલી કરાવવામાં આવી હતી. ત્યારબાદ તે રોના મુસાફરોને વિમાનના અન્ય સુરક્ષિત સીટો પર શિફ્ટ કરવામાં આવ્યા હતા. ક્રૂના સભ્યોએ મુસાફરોને શાંત રાખીને સ્થિતિને કાબુમાં લીધી હતી. ગભરાટના માહોલ વચ્ચે પણ પાયલોટે ફ્લાઈટને સુરક્ષિત રીતે વડોદરા એરપોર્ટ પર લેન્ડ કરાવી હતી. લેન્ડિંગ બાદ તમામ મુસાફરોને સુરક્ષિત રીતે નીચે ઉતારવામાં આવ્યા હતા. ઘટના બાદ એર ઈન્ડિયાની ટેકનિકલ ટીમ દ્વારા વિમાનની સઘન તપાસ હાથ ધરવામાં આવી છે. વિન્ડો ફ્રેમ શા કારણે છૂટી તે અંગેની તપાસ ચાલુ છે. એરલાઈન તરફથી જણાવવામાં આવ્યું છે કે મુસાફરોની સુરક્ષા સર્વોપરી છે અને આ મામલે નિયમ મુજબની તમામ કાર્યવાહી કરવામાં આવશે. આ ઘટનામાં કોઈ મુસાફરને ઈજા થઈ નથી. પરંતુ હવામાં આ પ્રકારનો બનાવ બનતા મુસાફરોમાં ભયનો માહોલ સર્જાયો હતો.

મહિલાને લારીચાલકો અને સ્થાનિક લોકો ભોજન આપતા હતા

કપૂરાઈ બ્રિજ નીચે એક વર્ષથી જીવન ગુજારતી મહિલાની વહારે અભયમ્

માનસિક રીતે અસ્વસ્થ મહિલાને કાઉન્સેલિંગ બાદ રેન બસેરામાં અપાયો સુરક્ષિત આશ્રય

(પ્રતિનિધિ), વડોદરા. તા.31 વડોદરાના કપૂરાઈ બ્રિજ નીચે છેલ્લા એક વર્ષથી આશ્રય વિના જીવન જીવતી એક મહિલાને આખરે સુરક્ષિત છત મળી છે. સ્થાનિક વ્યક્તિની જાણના આધારે 181 મહિલા હેલ્પલાઈનની ટીમે સ્થળ પર પહોંચી મહિલાનું કાઉન્સેલિંગ કર્યું અને તેની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને તેને રેન બસેરા આશ્રમમાં રહેવાની વ્યવસ્થા કરાવી હતી. 181 મહિલા હેલ્પલાઈનને એક સ્થાનિક વ્યક્તિ તરફથી કોલ મળ્યો હતો કે કપૂરાઈ બ્રિજ નીચે છેલ્લા એક વર્ષથી એક મહિલા રહે છે. ચોમાસાની ઋતુમાં ખુલ્લા આકાશ નીચે રહેવાને કારણે તેની સ્થિતિ અત્યંત દયનીય બની હતી અને તેને તાત્કાલિક આશ્રયની જરૂર હતી. કોલ મળતા જ 181ની ટીમ બાપોદ વિસ્તારના દર્શાવેલા સ્થળે પહોંચી હતી. સ્થળ પર પહોંચેલી ટીમને સ્થાનિક વ્યક્તિએ જણાવ્યું હતું કે મહિલા છેલ્લા એક વર્ષથી બ્રિજ નીચે જ રહે છે. આસપાસના લારીચાલકો અને સ્થાનિક લોકો તેને સમયાંતરે ભોજન આપતા હોવાથી તે જેમ તેમ જીવન ગુજારી રહી હતી, પરંતુ રહેવા માટે કોઈ સુરક્ષિત સ્થળ ન હતું. ટીમે મહિલાનું કાઉન્સેલિંગ કરતાં તેણે જણાવ્યું કે તેના માતા-પિતાનું અવસાન થઈ ચૂક્યું છે. ભાઈના લગ્ન બાદ ભાભીએ સાથે રાખવાની ના પાડતાં તેણે ઘર છોડી દીધું હતું. વાતચીત દરમિયાન ટીમને મહિલાની માનસિક સ્થિતિ પણ સામાન્ય ન હોવાનું જણાયું હતુ. મહિલાની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને 181 ટીમે તેને પોતાની વાનમાં બેસાડી સુરક્ષિત રીતે રેન બસેરા આશ્રમમાં પહોંચાડી હતી, જ્યાં તેના રહેવા અને જરૂરી સંભાળની વ્યવસ્થા કરવામાં આવી. 181 ટીમની સમયસરની કામગીરીને કારણે એક નિરાધાર મહિલાને સુરક્ષિત આશ્રય અને નવી આશા મળી છે.

એક પહેલ અને બે હજારથી વધુ વિદ્યાર્થીઓને મળ્યો લાભ

MSU બંધ છતાં કલા સંકાયમાં ઓનલાઈન શિક્ષણકાર્ય યથાવત



(પ્રતિનિધિ) વડોદરા,તા.31 રેડ એલર્ટ અને ભારે વરસાદને કારણે મહારાજા સયાજીરાવ યુનિવર્સીટી તથા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા રજા જાહેર કરવામાં આવી હોવા છતાં કલા સંકાય દ્વારા ઓનલાઈન માધ્યમથી શૈક્ષણિક પ્રવૃત્તિઓ સફળતાપૂર્વક ચાલુ રાખવામાં આવી હતી. કલા સંકાયના ડીનની કચેરી દ્વારા આપવામાં આવેલી સૂચનાઓ અનુસાર સંકાયના તમામ વિભાગોએ મંજૂર સમયપત્રક મુજબ અનુસ્નાતક અને સ્નાતક કક્ષાના નિર્ધારિત વર્ગો ઓનલાઈન માધ્યમથી લીધા હતા. કલા સંકાયના વિવિધ વિભાગો અને અભ્યાસક્રમોના 2 હાજરથી વધુ વિદ્યાર્થીઓને આ ઓનલાઈન વર્ગોનો લાભ મળ્યો હતો. બી.એ. પ્રથમ વર્ષ, દ્વિતીય વર્ષ, તૃતીય વર્ષ અને ચતુર્થ વર્ષના વિદ્યાર્થીઓ માટે મેજર, માઈનોર, મલ્ટિડિસિપ્લિનરી કોર્સિસ, એબિલિટી એન્હાન્સમેન્ટ કોર્સિસ, સ્કિલ એન્હાન્સમેન્ટ કોર્સિસ, વેલ્યૂ-એડેડ કોર્સિસ તથા કોર પેપર્સના ઓનલાઈન વર્ગો યોજવામાં આવ્યા હતા. એમ.એ. પ્રથમ વર્ષ અને એમ.એ. દ્વિતીય વર્ષના વિદ્યાર્થીઓ માટે પણ ઓનલાઈન શિક્ષણકાર્ય હાથ ધરવામાં આવ્યું હતું. કલા સંકાયમાં અંગ્રેજી, ગુજરાતી, હિન્દી, સંસ્કૃત, પાલી અને પ્રાકૃત, મરાઠી, સિંધી, ફ્રેન્ચ, જર્મન, રશિયન, પર્શિયન, અરબી અને ઉર્દૂ, ભાષાવિજ્ઞાન, અર્થશાસ્ત્ર, ઇતિહાસ, રાજનીતિશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, તત્ત્વજ્ઞાન, પુરાતત્ત્વ અને પ્રાચીન ઇતિહાસ, ગ્રંથાલય અને માહિતીવિજ્ઞાન, સંરક્ષણ અને રાષ્ટ્રીય સુરક્ષા અભ્યાસ તથા હિન્દુ અભ્યાસ સહિત વિવિધ વિષયો અને વિભાગો કાર્યરત છે. આ તમામ વિષયોના અધ્યાપકોએ પ્રતિકૂળ હવામાનને કારણે યુનિવર્સિટી બંધ હોવા છતાં શૈક્ષણિક કાર્યમાં કોઈ વિક્ષેપ ન આવે તે સુનિશ્ચિત કર્યું હતું. તા. 1 ઓગસ્ટના રોજ પણ યુનિવર્સિટી બંધ રહેવાની હોવાથી કલા સંકાયના બી.એ. અને એમ.એ.ના તમામ નિર્ધારિત વર્ગો મંજૂર સમયપત્રક અનુસાર ઓનલાઈન માધ્યમથી લેવામાં આવશે.

હેરી લુધવાણી ગેંગના આરોપી પર અનેક ગુના નોંધાયેલા

અનિલ બોબડાને ૧૦મી ઓગસ્ટ સુધીના રિમાન્ડ

(પ્રતિનિધિ) વડોદરા,તા.31 વડોદરા શહેરના વારસીયા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગુજસીટોકના ગુના સંદર્ભે કુખ્યાત હેરી લુધવાણી ગેંગના સાગરીત અનિલ ઉર્ફે બોબડા કિશનચંદ બુધવાણીની પણ પરપકડ કરી લેવાઈ છે. આરોપીને ગુસ્સી ટોક અદાલતમાં રજૂ કરવામાં આવ્યો હતો. જ્યાં સ્પેશિયલ પબ્લિક પ્રોસિક્યુટર રઘુવીર પંડ્યા દ્વારા કરવામાં આવેલી ધારદાર દલીલો અને એસીપી હિરેન્દ્ર જે. ચૌધરીના તપાસ રિપોર્ટને ધ્યાને લઈ અદાલતે આરોપીના 10 ઓગસ્ટ સુધીના વધુ પોલીસ કસ્ટડી રિમાન્ડ મંજૂર કર્યા છે.ો

સ્પેશિયલ પબ્લિક પ્રોસિક્યુટર રઘુવીર પંડ્યાએ અદાલત સમક્ષ સઘન રજૂઆત કરતા જણાવ્યું હતું કે, આ સંગઠિત ગુનાહિત ટોળકી છેલ્લા ૧૦ વર્ષથી રાજ્ય બહારથી ગેરકાયદે વિદેશી દારૂનો મોટો જથ્થો આયાત કરી મસમોટું નેટવર્ક ચલાવતી હતી. દારૂના કાળા કારોબારમાંથી મેળવેલા બીન-હિસાબી નાણાંનો ઉપયોગ મર્ડર, લૂંટ, છેતરપિંડી અને શરીર સંબંધિત ગંભીર ગુનાઓ આચરવા માટે થતો હતો.

પોલીસ દ્વારા 30 જુલાઈના રોજ અ ટક કરાયેલા આરોપી અનિલ બોબડા વિરૂદ્ધ મર્ડર, દારૂ અને જુગાર સહિત ૧૯ ગંભીર ગુના નોંધાયેલા છે.

આરોપી બે વખત પાસા હેઠળ જેલ ભોગવી ચૂક્યો હોવા છતાં તેની ગુનાહિત પ્રવૃત્તિઓ ચાલુ રહી હતી. ગુજસીટોક એક્ટની ગંભીર જોગવાઈઓ અને સંગઠિત ગુનાખોરીના મૂળ સુધી પહોંચવા માટે સ્પેશિયલ પીપીની દલીલોને આધારે કોર્ટે ૧૦ ઓગસ્ટ સુધીના પોલીસ રિમાન્ડ ગ્રાહ્ય રાખ્યા છે.

વડોદરામાં જર્જરિત મકાનોની ગંભીર સમસ્યા, તંત્રની સમયસૂચકતાથી મોટી દુર્ઘટના ટળી

ચોખંડીમાં ઓમકારેશ્વર મંદિર પાસે જર્જરિત મકાનનો ભાગ ધરાશાયી

(પ્રતિનિધિ), વડોદરા. તા.૩૧ શહેરમાં ચોમાસાની ઋતુ અને જર્જરિત મકાનોની સમસ્યા વચ્ચે આજે સવારે વડોદરાના ચોખંડી વિસ્તારમાં ઓમકારેશ્વર મંદિર પાસે આવેલું એક જૂનું અને જર્જરિત મકાન અચાનક ધરાશાયી થવાની ઘટના સામે આવી છે. જોકે, આ અકસ્માતમાં સદનસીબે કોઈ જાનહાની કે ઈજાના સમાચાર પ્રાપ્ત થયા નથી, જેના કારણે મોટી દુર્ઘટના ટળી હતી. મળતી વિગતો મુજબ, ચોખંડી વિસ્તારમાં ઓમકારેશ્વર મંદિરની બરાબર નજીક આવેલું આ મકાન લાંબા સમયથી ખૂબ જ જર્જરિત અને ખંડેર હાલતમાં હતું. આજે સવારે અચાનક આ મકાનનો એક ભાગ ભારે ધડાકા સાથે તૂટી પડ્યો હતો. જો કે ઘટના બની તે સમયે આસપાસ કોઈ રાહદારી કે સ્થાનિક રહીશ હાજર ન

હોવાથી મોટી જાનહાનિ ટળી હતી. ઘટનાની જાણ થતા જ વડોદરા મહાનગરપાલિકાની નિર્ભય શાખા અને ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી હતી. જોખમી બનેલા આ મકાનના કારણે કોઈ અન્ય વ્યક્તિ કે વાહનચાલક મુશ્કેલીમાં ન મુકાય, તે માટે તંત્ર દ્વારા તાત્કાલિક ધોરણે સમગ્ર વિસ્તારને સીલ કરી દેવામાં આવ્યો છે અને આસપાસ સુરક્ષાના ભાગરૂપે બેરિકેડિંગ કરવામાં આવ્યું છે. ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને સ્થાનિક વિસ્તારના કાઉન્સિલર પણ તાત્કાલિક સ્થળ પર દોડી આવ્યા હતા. તેમણે સમગ્ર સ્થિતિનો તાગ મેળવીને તંત્રના અધિકારીઓ સાથે ચર્ચા કરી હતી. સ્થાનિક કાઉન્સિલરએ જણાવ્યું હતું કે, ચોમાસાની સિઝનને ધ્યાનમાં રાખીને શહેરમાં આવેલા તમામ અતિ-જર્જરિત મકાનોની ઓળખ કરી તેને ઉતારી લેવા માટે મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા અગાઉથી જ નોટિસો આપવામાં આવી છે, જેથી આગામી સમયમાં આવા જોખમી મકાનોને કારણે કોઈ દુર્ઘટના ન સર્જાય.આ ઘટનાને પગલે આસપાસના રહીશોમાં ભારે ફફડાટ ફેલાઈ ગયો છે અને લોકો વડોદરા મહાનગરપાલિકા પાસે અન્ય જોખમી મકાનો સામે પણ વહેલી તકે કાર્યવાહી કરવાની માંગ કરી રહ્યા છે.

માંજલપુર પેટાચૂંટણીમાં ગેરરીતિના કોંગ્રેસના આક્ષેપો

કોંગ્રેસના કલેક્ટર કચેરીએ ગંભીર આરોપો સાથે ધરણાં

મહિલા કાર્યકરની છેડતી અને હુમલાનો ગંભીર આરોપ

પોલીસ કમિશનરની ખાતરી બાદ રાત્રે ૨ વાગ્યે આંદોલન સમેટાયું

(પ્રતિનિધિ) વડોદરા,તા.31 માંજલપુર (૧૪૫) વિધાનસભા પેટાચૂંટણી પૂર્ણ થયા બાદ ગેરરીતિ અને આચારસંહિતા ભંગના આક્ષેપો સાથે વડોદરાનું રાજકારણ ગરમાયું છે. મતદાન દરમિયાન ભાજપ દ્વારા નિયમોનો ભંગ કરવા, કાર્યકરોને ધમકાવવા અને દાદાગીરી કરવાના વિરોધમાં કોંગ્રેસના આગેવાનો તથા મોટી સંખ્યામાં કાર્યકરો કલેક્ટર કચેરી ખાતે અંશન અને ધરણાં પર બેસી ગયા હતા. કોંગ્રેસ નેતાઓના આરોપ અનુસાર, વોર્ડ નં. ૧૭, ૧૮ અને ૧૯ જેવા વિસ્તારોમાં ભા જપના પદાધિકારીઓએ પ્રચાર ચિહ્નો સાથે ફરીને આચારસંહિતાનો ઉલ્લંઘન કર્યો હતો. આ ઉપરાંત, વોર્ડ ૧૮ અને ૧૯ માં કોંગ્રેસના કાર્યકર પર હુમલો કરાતા તેઓ ગંભીર હાલતમાં હોસ્પિટલમાં દાખલ છે. બીજી તરફ, કોતરપુરા ગામે ભાજપના નેતાઓ અને ધારાસભ્ય દ્વારા કોંગ્રેસની મહિલા કાર્યકર સાથે અયોગ્ય વર્તન તથા છેડતી કરવામાં આવી હોવાનો ગંભીર આરોપ કોંગ્રેસે લગાવ્યો હતો. આ ઘટનાઓ સામે કોઈ કડક પગલાં ન લેવાતા કોંગ્રેસે મોડી રાત સુધી કલેક્ટર કચેરી આગળ વિરોધ ચાલુ રાખ્યો હતો. અંતે મોડી રાત્રે અંદાજે ૨ વાગ્યે વડોદરા પોલીસ તંત્ર દ્વારા પ્ર તિ નિધિ મારફતે સમગ્ર મામલે નિ ષ્પક્ષ તપાસ કરી દોષિતો સામે બે દિ વસમાં કડક કાયદેસરની કાર્યવાહી કર વાની બાહેધરી આપવામાં આવી હતી. તંત્રની આ ખાતરી બાદ કોંગ્રેસે પોતાનું આંદોલન સમેટ્યું હતું.

પાણીગેટ પોલીસે રૂ. 6.96 લાખનો મુદ્દામાલ મૂળ માલિકોને પરત કર્યો

(પ્રતિનિધિ) વડોદરા,તા.31 વડોદરા શહેરના પાણીગેટ પોલીસ સ્ટેશન દ્વારા ગુમ થયેલા અને ચોરી થયેલા મો બાઈલ ફોન, વાહન, દાગીના, સાયબર ફ્રોડની રકમ સહિત રૂ. 6.96 લાખનો મુદ્દામાલ મૂળ અરજદારો અને ફરિયાદીઓને પરત સોં પવામાં આવ્યો હતો. શહેર પો લીસ કમિશ્નર નરસિમ્હા કોમારના માર્ગદર્શન હેઠળ અધિક પોલીસ ક મિશ્નર, સંયુક્ત પોલીસ કમિશ્નર, ડીસીપી ઝોન-3 અભિષેક ગુ પ્તા , એસીપી હિરેન્દ્ર ચૌધરી તથા પા ણીગેટ પોલીસ ઈન્સ્પેક્ટર એ.બી. પટેલની દેખરેખમાં આ કામગી રી હાથ ધરાઈ હતી. પોલીસે ત્રણ સાયબર ફ્રોડના કેસોમાં રૂ. 1.92 લાખ એક વાહન રૂ. 25 હજાર, નવ મોબાઈલ ફોન રૂ. 3.11 લાખ, બે સોના-ચાંદીના દાગીના રૂ. 1.38 લાખ તથા અન્ય એક મુદ્દામાલ રૂ. 30 હજાર મળી રૂ. 6.96 લાખનો મુદ્દામાલ પરત કર્યો હતો.

૩.૧.૨૨ લાખથી વધુનો દેશી દારૂ અને વોશ ઝડપાયો, એક ઝડપાયો

કલ્યાણપુર ગામની સીમમાં કેનાલ પાસે સ્ટેટ મોનીટરીંગ સેલની રેડ

(પ્રતિનિધિ) વડોદરા,તા.31 સ્ટેટ મોનીટરીંગ સેલ દ્વારા વડોદરા જિલ્લાના ગ્રામ્ય તથા શહેર વિસ્તારમા અવારનવાર રેડ કરવામા આવતી હોય છે. ત્યારે ફરીવાર મંજુસર પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવતા કલ્યાણપુર ગામની સીમમાં કેનાલ નજીક દરોડો પાડીને રૂ.૧.૨૨ લાખનો દેશી દારૂ તથા દારૂ બનાવવાનો વોશ સહિતનો મુદ્દામાલ કબ્જે કર્યો છે. સ્ટેટ મોનિટરિંગ સેલ ની ટીમ વડોદરા શહેર અને જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં ચાલતા દારૂ જુગારના ગેરકાયદે ધંધા પર અવાર નવાર રેડ કરતી હોય છે, ત્યારે એસએમસીએ ફરીવાર ગ્રામ્ય વિસ્તારમાં આવતા સાવલી તાલુકાના કલ્યાણપુર ગામની સીમમાં આવેલ નાની કેનાલ પાસે દરોડો પાડયો હતો. જેમા સ્થળ પરથી દેશી દારૂ ૨૧૦ લીટર રૂ.૪૨ હજાર,

દેશી દારૂ બનાવવાનો વોશ ૩૦૦૦ લીટર કિંમત રૂ. ૭૫ હજાર, બેરલ ૨૬ નંગ, પતરાના નળા ૭ નંગ, કેરબા ૧૮ નંગ કિંમત ગોળ ૫૦ કિ.ગ્રા સહીત ૧.૨૨ લાખનો મુદ્દામાલ જપ્ત કરવામા આવ્યો છે. એસએમસીએ દરોડા દરમિયાન નાગજી વિઠ્ઠલ વસાવા (રહે. ગામ ગણેશપરા, તા. સાવલી, જી. વડોદરા)ને ઝડપી પાડયો હતો. જ્યારે નિલેશ મનહર ઠાકોર (રહે. કલ્યાણપુરા ગામ, તા. સાવલી, જી. વડોદરા) ચિરાગ ગોપાલ ઠાકોર (રહે. કલ્યાણપુરા ગામ, તા. સાવલી, જી. વડોદરા), ગીતાબેન ફતેસિંહ ઠાકોર અને મુકેશ રાજુ ઠાકોર (રહે. કલ્યાણપુરા ગામ, તા. સાવલી, જી. વડોદરા)ને વોન્ટેડ જાહેર કર્યા છે.

વાઘોડિયા રોડ પર તસ્કરોનો તરખાટ

હેર સલૂન સંચાલકના બંધ ઘરમાંથી રૂ.6.31 લાખની ચોરી

(પ્રતિનિધિ) વડોદરા,તા.31 શહેરમાં દિનપ્રતિદિન વધતા જતાં ચોરીના બનાવો વચ્ચે વાઘોડિયા રોડ પર વધુ એક ઘરફોડ ચોરીની ઘટના સામે આવી છે. હેર સલૂનના માલિક પોતાના પરિવાર સિથે રાત્રિ રોકાણ માટે બહાર ગયો હોવાનો લાભ ઉઠાવી અજાણ્યા તસ્કરોએ બંધ ઘરને નિશાન બનાવ્યું હતું. તસ્કરો મકાનની લોખંડની જાળીનો નકુચો તોડી ઘરમાં ઘૂસ્યા હતા અને તિજોરીઓ ફેંદીને સોના ચાંદીના દાગીના અને રોકડ રકમ મળી રૂ. 6.31 લાખ ની મત્તા ચોરીને ફરાર થઈ ગયા હતા. વાઘોડિયા રોડ પર આવેલી દ્વારકેશકુંજ સોસાયટીમાં રહેતા અને કલાદર્શન ચાર રસ્તા પાસે ભાગ્યોદય હેર આર્ટ નામે સલૂન ચલાવતા અજયભાઈ હરેશભાઈ નાઈ ગત 28 જુલાઈની સાંજે પરિવાર સાથે નાના ભાઈના ઘરે ગયા હતા અને ત્યાજ રોકાયા ગયા હતા. બીજા દિવસે સવારે તેમના પડોશી જયમીનભાઈએ ફોન કરીને વેપારીને તમારા મકાનનું તાળું તૂટેલું હોવાની જાણ કરી હતી. અજયભાઈ તાત્કાલિક પરિવારના સભ્યો સાથે ઘરે પહોંચ્યા ત્યારે મુખ્ય લોખંડની જાળીના નકુ ચા તોડેલી હાલતમાં હતો ઘરમાં અંદર જઈને જોતાં બંને લોખંડની તિજોરીના લોક તૂટેલા હતા અને ઘરમાં સામાન વેરવિખેર પડેલો હતો. ચોરોએ તિજોરીમાંથી સોનાની વીંટીઓ, ચેઈન, મંગળસૂત્ર, સોનાનો સેટ, કડાં, પેન્ડલ તેમજ ચાંદીની ઝાંઝરી, પાયલ અને કડી જેવા કિંમતી દાગીના અને રૂ.50 હજાર રોકડા મળીને રૂ. 6.31 લાખથી વધુની મત્તા પર હાથફેરો તસ્કરો રફુચક્કર થઈ ગયા હતા.આ બનાવ અંગે અજયભાઈ નાઈએ સ્થાનિક પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે અજાણ્યા તસ્કરો વિરુદ્ધ ઘરફોડ ચોરીનો ગુનો દાખલ કરીને આસપાસના સીસીટીવી ફૂ ટે જ અને ટેક્નિકલ પુરાવાઓના આધારે ચોરોનું પગેરું મેળવવા પોલીસે ચક્રો ગતિમાન કર્યા છે.

મહમદ તળાવ પાસે માથામાં લાકડાના ફટકા મારતા યુવકને ગંભીર ઇજા

મિત્રતામા સમાધાન કરાવવા ગયેલા યુવક પર ત્રિપુટીનો જીવલેણ હુમલો

(પ્રતિનિધિ) વડોદરા,તા.31 બે મિત્રો વચ્ચે ચાલતા વિવાદનો અંત લાવવા અને સમાધાન કરાવવાના આશયથી પહોંચેલા એક યુવક પર વુડાના મકાન બહાર ત્રણ શખ્સોએ અચાનક તૂટી પડી જીવલેણ હુમલો કર્યો હતો. માથામાં લાકડાના ફટકા અને ચહેરા પર મુક્કા મારતા યુવકને લોહી લુહાણ હાલતમાં સારવાર માટે ખસેડાયો હતો આ બનાવ અંગે પાણીગેટ પોલીસે ગુનો નોંધી આરોપીઓને ઝડપી પાડવાના ચક્રો ગતિમાન કર્યા છે. વડોદરા શહેરના આજવા રોડ પર આવેલી જય જલારામ નગર સોસાયટીમાં રહેતો ૨૧ વર્ષીય મિત પરેશભાઈ રાજપુત આઈટીઆઈમાં ઈલેક્ટ્રિશિયનનો અભ્યાસ કરે છે. ૨૯ જુલાઈની મોડી રાત્રે આશરે ૧૧:૩૦ વાગ્યે તેના મિત્ર ધ્રુવ ત્રિવેદીનો ફોન આવ્યો હતો. તેણે જણાવ્યું હતું કે ધ્રુવ શાહ અને શિવરાજ વચ્ચે ચાલી રહેલા વિવાદ અંગે સમાધાન કરાવવાનું છે. આથી મિત પોતાના અન્ય બે સાથીદારો દેવરાજ ઠાકુર અને રાજવીર તડવી સાથે ધ્રુવ શાહના ઘરે જવા નીકળ્યો હતો.દરમિયાન મહંમદ તળાવ પાસે આવેલ વુડાના મકાન પાસેથી પસાર થતી વખતે કોઈએ એ લુખ્ખા કહીને બૂમ પાડી હતી. મિતે ત્યાં જઈને પૂછપરછ કરતાં જ સફેદ ટી-શર્ટ પહેરેલો યુવક ઉશ્કેરાઈ ગયો હતો. તેણે મિતનો કોલર પકડી ગાળો આપવાનું શરૂ કર્યું હતું. જોતજોતામાં યશના અન્ય બે મિત્રો પણ ત્યાં ધસી આવ્યા હતા અને ત્રણેય જણાએ ભેગા મળી મિત પર હુમલો કરી દીધો હતો. તકરાર દરમિયાન યશે લાકડાના ફટકા વડે મિતના માથાના પાછળના તથા જમણા ભાગે આડેધડ ઘા માર્યા હતા. આ સમયે તેના એક સાગરીતે નાકના ભાગે જોરથી મુક્કો મા ર તા નાકનું હાડકું ફ્રેક્ચર થઈ ગયું હતું. જ્યારે અન્ય એક શખ્સે ડાબી આંખ પર મુક્કો મારી ઈજા પહોંચાડી હતી. મિત લોહીલુહાણ થઈ જતાં તેના સાથીદારો દેવરાજ અને રા જવીરે વચ્ચે પડીને તેને વધુ મા રવામાંથી છોડાવ્યો હતો. ઈજાગ્રસ્ત મિતને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. હુમલો કરી ભાગી રહેલા ત્રણેય આરોપીઓએ હવે પછી આ વિસ્તારમાં દેખાશે તો જાનથી મારી નાખીશું તેવી ધમકી પણ આપી હતી.આ સમગ્ર મામલે પાણીગેટ પોલીસે હુમલાખોર યશ તથા તેના બે અજાણ્યા સાગરીતો સામે ગુનો નોંધી આગળની કાનૂની તપાસ હાથ ધરી છે.

ઘરમાં આવી તો જાનથી મારી નાખીશ તેવી ધમકી આપી

ઓનલાઈન ગેમની લતે ચડેલા પતિની પત્ની સાથે મારઝૂડ

(પ્રતિનિધિ), વડોદરા. તા.૩૧ તાંદલજા રોડ સ્થિત ગોડન હાઈટ્સમાં રહેતી સમીનાબેનના લગ્ન જૂન-૨૦૨૫માં હાથીખાના વિસ્તારના ગેંડા ફળિયા ખાતે રહેતા સાહિલ સલીમ શેખ સાથે થયા હતા. લગ્ન સમયે પિયર પક્ષ અને સમુહ નિકાહ તરફથી મળેલા દાગીના તથા ભેટ ઉપરાંત મહેરની રૂ.૪ હજારની રકમ અને રીસેપ્શન વખતે મળેલા કવરો સાસુ મહેરુનબેન અને સસરા સલીમ શેખે ઝઘડો કરીને બળજબરીથી પોતાની પાસે પડાવી લીધા હતા. દંપતી ડી-માર્ટમાં નોકરી કરતું હોવાથી સમીનાબેન ઘરનું તમામ કામ પતાવીને નોકરીએ જતાં હતાં. તેમ છતાં સાસુ, સસરા અને નણંદ સાહીન ઘરકામને મુદ્દે સતત અપમાનિત કરતા હતા. નણંદ સાહીન અવારનવાર તું હમારે ઘર કી નોકરાની હૈ, હમ જે બોલે ઉતના હી કરને કા"કહી માનસિક યાતના આપતી હતી. પતિ સાહિલ શેખ મોબાઈલ પર ઓનલાઈન ગેમો રમવાની લત ધરાવતો હતો અને પોતાની તમામ કમાણી રમતમાં હારી જતો હતો. ગેમમાં પૈસા હારી ગયા બાદ તે પત્ની પાસે નાણાંની માંગણી કરતો અને ના પાડતાં ઢોર માર મારતો હતો. સાસુ-સસરા પણ "તું નોકરી કરી ઘરમાં પૈસા આપ અથવા બાપના ઘરેથી લઈ આવ" કહી દબાણ કરતા હતા અને પરિણીતાનો આખો પગાર આંચકી લેતા હતા. પતિને અન્ય બે છોકરીઓ સાથે અફેર હોવાની જાણ થતાં સમીનાબેને વિરોધ કર્યો હતો, પરંતુ ૨૭ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ નણંદે ઝઘડો કરી સમીનાબેનને ઘરમાંથી કાઢી મૂક્યા હતા. આખરે સમીનાબેને પતિ સાહિલ શેખ, સસરા સલીમ શેખ, સાસુ મહેરુન શેખ અને નણંદ સાહીન વિરુદ્ધ ફરિયાદ નોંધવી હતી.

અગાઉના કડવા અનુભવનો તંત્રે પૂરના સંકટ વચ્ચે સ્થળાંતર કરાવ્યું

શિનોર તાલુકાના વ્યાસ બેટના પૂજારી પરિવારનું સુરક્ષિત સ્થળાંતર કરાયું

(પ્રતિનિધિ), વડોદરા. તા.૩૧ ત્રણેક વર્ષ પહેલાં આવેલા ભીષણ પૂર દરમિયાન શિનોરના વ્યાસ બેટ ઉપર ફસાયેલા એક પરિવારને બચાવવા માટે આર્મીના હેલિકોપ્ટરની મદદ લેવી પડી હતી. આ ગંભીર ઘટનામાંથી બોધપાઠ લઈને વહીવટી તંત્ર દ્વારા આ વખતે અગાઉથી જ તકેદારીના પગલાં ભરવામાં આવ્યા છે અને વર્તમાન સ્થિતિને ધ્યાને રાખી વ્યાસ બેટ પર રહેતા પૂજારી પરિવારના ૧૪ સભ્યોને સલામત સ્થળે ખસેડવામાં આવ્યા છે. નર્મદા નદીમાં વધતા પાણીના પ્રવાહ અને સંભવિત પૂરની સ્થિતિને પહોંચી વળવા માટે સ્થાનિક વહીવટી તંત્ર પૂર જોશમાં સક્રિય બન્યું છે. આ ઘટનાની ગંભીરતા સમજીને અધિક કલેક્ટર એન. આર. પ્રજાપતિ, મામલતદાર મૂકેશ બારિયા, તાલુકા વિકાસ અધિકારી એમ. પી. વિરાણી સહિતના

ઉચ્ચ અધિકારીઓએ તાત્કાલિક સ્થળ મુલાકાત લઈ પરિસ્થિતિનો તાગ મેળવ્યો હતો અને રાહત-બચાવ કામગીરીનું સીધું માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. તંત્રની સમયસૂચકતાના કારણે કોઈ અનિચ્છનીય બનાવ બનતા અટકાવી શકાયો છે. વાહનચાલકો અને નાગરિકોની સલામતી સર્વોપરી ગણીને વહીવટી તંત્ર દ્વારા સાવચેતીના ભાગરૂપે વ્યાસ બેટ તરફ જતું રેલ્વે ગરનાળું પણ હાલ પૂરતું બંધ કરી દેવામાં આવ્યું છે, જેથી કોઈપણ અજાણ્યું વાહન કે વ્યક્તિ જોખમમાં ન મૂકાય. અગાઉના કડવા અનુભવમાંથી શીખીને વહીવટી તંત્ર દ્વારા સમયસર લેવાયેલા આગોતરા પગલાંથી વ્યાસ બેટના પૂજારી પરિવારનો રેકોર્ડ સમયમાં બચાવ થયો છે, જેની સ્થાનિક સ્તરે ભારે પ્રશંસા થઈ રહી છે.